ગાંધીનગર સિવિલ હોસ્પિટલને વધુ એક ખિલખિલાટ વાન ફળવાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અત્યંત આધુનિક અને હાઈટેક બની રહી છે. હોસ્પિટલમાં સુવિધાલક્ષી સેવાઓ અને નિષ્ણાંત તબિબોને કારણે સિવિલમાં આવતા દર્દીઓની સંખ્યામાં ભારે વધારો થવા પામ્યો છે. જ્યારે સિવિલમાં પ્રસુતા માટે આવતી મહિલા દર્દીઓની સંખ્યામાં વધારો થતાં ગાંધીનગર સિવિલ વધુ એક ખિલખિલાટ વાન આપવામાં આવી છે.

ગાંધીનગર હોસ્પિટલમાં નિષ્ણાંત તબિબો દ્વારા સેવા આપવામાં આવતા જિલ્લાના દર્દીઓનો ભારે ધસારો જોવા મળે છે. જેમાં પ્રસુતા માટે આવતી મહિલા દર્દીઓની સંખ્યામાં પણ અનેકગણો વધારો થયો છે. છેલ્લા પાંચ મહિનામાં સિવિલ હોસ્પિટલમાં ૧૨૬૩ બાળકોએ જન્મ લીધો છે. પ્રસુતા મહિલા અને બાળકને નિઃશુલ્ક ઘરે પહોંચાડવા માટે ખિલખિલાટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૧૨૬૩ કેસોમાંથી અત્યાર સુધીમાં ૧૧૩૫ બાળકોને તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા છે. આમ ૯૦ ટકા ડ્રોપ બેક રેટને પગલે તંત્રએ ગાંધીનગર હોસ્પિટલને વધુ એક ખિલખિલાટ વાન ફાળવવામાં આવી છે. તેમ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. ભરત પટેલે જણાવ્યું છે.

ઉમિયા માતાજીના મંદિરે ૨૫મીએ યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ચારધામની યાત્રાએ ગયેલા પ્રવાસીઓ કે જે કેદારનાથ જળ પ્રલયમાં અવસાન પામ્યો છે તથા કુદરતી આફતમાં બચી ગયા છે તેના હીતાર્થે ગાંધીનગરમાં ઉમિયા માતાજી સંસ્થાન ખાતે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

કડવા પાટીદાર સમાજ દ્વારા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે તા. ૨૫મી જૂન-૨૦૧૩ને મંગળવારે સવારે ૮ થી ૧૧ દરમિયાન યજ્ઞ યોજાશે. કેદારનાથ જલ પ્રલયમાં અવસાન પામેલા આત્માઓની શાંતિ અર્થે અને યાત્રામાં ગયેલા યાત્રાળુઓને સહી સલામત પરત થાય તે માટે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના ધર્મપ્રેમીજનોને અને ઉમિયા પરિવારોને પધારવા પ્રમુખ મંગળદાસ પટેલ તેમજ મહામંત્રી ભોળાભાઈ પટેલે જણાવ્યું છે.

ફીકસ પગારની નોકરી પેન્શન પાત્ર ઉચ્ચતર પગાર માટે ગણવા માંગણી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજયમાં ફીકસ પગારથી નોકરી કરતા કર્મચારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, 'ફીકસ પગારની નોકરી પેન્શન પાત્ર, ઉચ્ચતર પગાર માટે ગણતરીમાં લેવાય.'

આજના મોંઘવારી ભર્યા જીવનમાં પાંચ કે દશ હજારના ફીકસ પગારમાં એક કુટુંબનું પોષણ થતું નથી. સતત પાંચ પાંચ વર્ષ સુધી ફીકસ પગારમાં કામ કરતા કર્મચારીને સરકારના અન્ય કોઈ લાભ મળતા નથી. જે ખરેખર ન્યાયિક નથી. ફીકસ પગારથી નોકરી કરતા કર્મચારીને પેન્શન પાત્ર ગણવામાં આવે તથા તેને નિમણૂંકથી જ ઉચ્ચતર પગારનો લાભ મળતો થાય તેવી સૌ વિદ્યાસહાયકો અને શિક્ષણ સહાયકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. અગાઉ પ્રાથમિક શિક્ષકોને નિમ્ન પગારમાં નિમણૂંક આપવામાં આવતી હતી પરંતુ તે નોકરી પેન્શન પાત્ર ગણવાના હુકમો થયા છે. આજની સરકાર ફીકસ પગારવાળાઓને ઉચ્ચતર પગાર અને પેન્શન માટે નોકરી ગણે તેવી કર્મચારીઓએ માંગણી કરી છે. સરકાર કર્મચારીઓ માટે ઉદાર નીતિ અપનાવે અને કર્મચારીઓના હિતમાં નિર્ણય કરે તેવું સૌ ઈચ્છી રહ્યા છે.

પેન્શનર્સ સમાજ માટે બારકોડેડ રેશનકાર્ડ સંદર્ભે ૨૪-૨૫મીએ ખાસ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના પેન્શનરોને જણાવવામાં આવે છે કે ગાંધીનગર શહેરી વિસ્તારના સેકટર-૧ થી ૩૦ તથા જી.ઈ.બી. બોરીજ, આદિવાડા, ઈન્દ્રોડા, ધોળાકુવાના બારકોડેડ રેશનકાર્ડ આપવાની પ્રક્રિયા ઝોનલ કચેરી ચોથામાળ જિલ્લા સેવાસદન સેકટર-૧૧ ગાંધીનગર ખાતે હાલ ચાલુ છે. જે રેશનકાર્ડ ધારકોનો બારકોડેડ રેશનકાર્ડ મેળવવાના બાકી હોય તો તે સત્વરે રેશનકાર્ડ મેળવવા. બાકી હોય તેમને સત્વરે પોતાનું જૂનું રેશનકાર્ડ જમા કરાવી નવું રેશનકાર્ડ મેળવી લેવું. અરજદારે પોતાનું અસલ રેશનકાર્ડ ફોર્મ ભર્યાની પાવતી મુખ્ય વ્યક્તિનો પાસપોર્ટ સાઈનો ફોટો, લાઈટબીલ, ગેસબીલ તથા ચૂંટણીકાર્ડ સાથે લાવવું રેશનકાર્ડમાં નામ હોય તેમાંથી ૧૮ વર્ષથી ઉપરના કોઈપણ વ્યક્તિ પોતાના બાયોમેટ્રીક ઈમ્પ્રેશન (અંગુઠા અને આંગળીની છાપ) આપવી ફરજીયાત છે. હાજર રહી રેશનકાર્ડ મેળવવાનું રહેશે. તેમ ઝોનલ ઓફિસર ગાંધીનગરે જણાવેલ છે.

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર તરફથી ઉત્તરાંચલ આફત માટે સહાય અપીલ

ગાંધીનગર, તા. ૨૩

ઉત્તરાંચલમાં વિનાશક પુરની પરિસ્થિતિમાં સહાયરૂપ થવા માટે આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર પરિવાર તરફથી સેવા પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. આ પુનિત કાર્યમાં સહાયરૂપ થવા માટે આર્થિક સહાય રોકડમાં આપવા વિનંતી છે. આ રકમ ત્યાંના પીડિત લોકો માટે જીવન જરૂરિયાતની વસ્તુઓ ઉપયોગમાં લેવામાં આવશે. આ માટે ગાંધીનગરના ટીચર્સ ભુલાભાઈ કડીયા ૯૯૦૯૯ ૨૫૬૦૬, શૈલેષ પંડ્યા ૯૮૨૫૮ ૩૮૬૮૦, દિલીપભાઈ જોશી ૯૪૨૭૩ ૭૦૧૨૦ પર સંપર્ક કરવા જણાવેલ છે.

અડાલજ નર્મદા કેનાલમાં ઝંપલાવી અમદાવાદના યુવાને જીંદગી ટુંકાવી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના અડાલજ નજીક આવેલ નર્મદા કેનાલમાં આજે સવારે અમદાવાદના ૪૫ વર્ષીય રીક્ષા ચાલકે અગમ્ય કારણોસર મોતની છલાંગ લગાવી હતી અને મોતને વહાલું કર્યું હતું આ મામલે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર અમદાવાદ શહેરનાં સેટેલાઈટ વિસ્તારમાં આવેલ માણેકબાગ ખાતે પોતાના પરિવાર સાથે ૪૫ વર્ષીય ભરતભાઈ બાબુભાઈ સુપેડા (દરજી) રહે છે. અને રીક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે દરમિયાન ભરતભાઈ પોતાના દિકરાની દીકરીને રીક્ષામાં લઈ શાળાએ મુકવા ગયા હતા. અને મોડી રાત સુધી ઘરે પાછા ન આવતા પરિવારજનો ભારે પરેશાન થઈ ગયા હતા. અને તમામ આસપાસનાં વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી. પરંતુ કોઈ ભાળ ન મળી હતી. આજ અરસામાં આજે સવારે ૧૧ કલાકે અડાલજ નર્મદા કેનાલ પર ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડ મહેન્દ્રસિંહ યાદવને પાણીમાં તરતો મૃતદેહ નજરે પડ્યો હતો. તુરંત જ એણે અડાલજ પોલીસમાં જાણ કરતાં એ.એસ.આઈ. ભીખાભાઈ ઘટના સ્થળે દોડી આવ્યાં હતા અને મૃતદેહને પાણીમાં બહાર કાઢ્યો હતો. પોલીસને મૃતકના મૃતદેહની પ્રાથમિક તપાસ કરી તેના વાલી વારસની શોધખોળ કરતા પરિવાજનો દોડી આવ્યાં હતા અને પોલીસે મૃતદેહને પી.એમ. કરાવી પરિવારજનોને સોંપી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જે અંગે ભીખાભાઈ તપાસ ચલાવી રહ્યાં છે.

ગાંધીનગર ભાજપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભાજપ દ્વારા શ્યામા પ્રસાદ મુખર્જીના ૬૦માં બલિદાન દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ઉત્તર વિધાનસભા યુવા ભાજપ પાંખ દ્વારા શ્યામાપ્રસાદ મુખર્જીના ૬૦માં બલિદાન દિવસ નિમિત્તે શહેરમાં પેથાપુર, વાવોલ, જી.ઈ.બી., કોલવડા અને કમલમ્ કાર્યાલય ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૫૧ થી વધુ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં એકત્ર થયેલ રક્ત ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાએ ગયેલા શ્રદ્ધાળુઓ પુર હોનારતમાં ઈજા પામ્યા છે. તેમના માટે મોકલવામાં આવશે તેમ ગાંધીનગર મહાનગર યુવા મોરચાના પ્રમુખ ઉરેન પટેલે જણાવ્યું હતું. ભાજપના કાર્યકર્તા ભાઈઓ તેમજ બહેનોએ મોટી સંખ્યામાં જોડાઈને રક્તદાન કર્યુ હતુ. રેડક્રોસ સોસાયટી ગાંધીનગર ડિવિઝનના ડૉક્ટર સહિત ૧૧ સભ્યોની ટીમે કેમ્પમાં સાથ અને સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર મેયર મહેન્દ્રસિંહ રાણા, મહાનગરના મહામંત્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ), મંત્રી કનુભાઈ દેસાઈ સહિત મહાનગરના કોર્પોરેટરો, અગ્રણીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

સિનિયર નેશનલ સોફ્ટ ટેનિસના સમાપન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સોફ્ટ ટેનિસ એસોસિએશન ઓફ ગુજરાતના ઉપક્રમે ૧૧મી સિનિયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પીયનશીપનો સમાપન સમારંભ તાજેતરમાં મણીનગર ટેનિસ એકેડમી, અમદાવાદ ખાતે યોજાઈ ગયો.

પાર્લામેન્ટ સભ્ય ડૉ. કીર્તિ સોલંકી અને આઈ.એ.એસ. ભાગ્યેશ જહાએ વિજેતાઓને નવાઝ્યા

૧૧મી સિનિયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપના સમાપન સમારંભમાં વિજેતા ટીમ અને ખેલાડીઓને ઈનામ તથા ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પાર્લામેન્ટના સભ્ય ડૉ. કિરીટ સોલંકી, પ્રમુખ રાજુ પરમાર, અતિથિ વિશેષ તરીકે આઈ.એ.એસ. અને રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સેક્રેટરી ભાગ્યેશભાઈ જહા તેમજ જે.કે. ખોડધરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહેમાનો દ્વારા ભાઈઓની ટીમના વિજેતા અને બહેનોની ટીમના વિજેતાઓને ઈનામ આપી સત્કારવામાં આવ્યા હતા.

ભાઈઓની ટીમમાં ઉત્તરપ્રદેશની ટીમ બહેનોની ટીમમાં મધ્યપ્રદેશની ટીમ તથા વ્યક્તિગત ભાઈઓમાં અતુલ પટેલ, બહેનોમાં પ્રણીથાને, ભાઈઓમાં ડબલમાં અતુલ પટેલ અને નવનીતે, તેમજ બહેનોની ડબલ્સમાં એસ. સ્મીથા અને પ્રાણીથાએ અને મિક્ષ ડબલ્સમાં નવનીત અને આયુશીએ ફાઈનલ સ્પર્ધા જીતી હતી. વિજેતાઓને સોફ્ટ ટેનિસ એસોસિએશન ઓફ ગુજરાતના જોઈન્ટ સેક્રેટરી હસમુખ વેગડા અને યોગેશ મારૂ અનિકેત ખુડધરા, રાજેશ મારુએ અભિનંદન પાઠવ્યા હતા.

આજે ઓમકારેશ્વર મંદિરે દિવંગતોના માનમાં પ્રાર્થના સભા યોજાશે

શ્રી ઓમકારેશ્વર મહાદેવ ટ્રસ્ટ સેક્ટર-૪-એ, ગાંધીનગર દ્વારા કેદારનાથમાં જે શિવ ભક્તોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે તેમના આત્માની શાંતિ માટે તથા જે લોકો હજુ પણ ત્યાં ફસાયા છે તેઓ પોતાના વતન જલદીથી પાછા ફરે તે માટે આજે તા. ૨૪મી જૂનને સાંજે ૬ કલાકે ઓમકારેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં પ્રાર્થના સભા યોજાશે. પ્રાર્થના સભામાં નગરજનોને ઉપસ્થિત રહેવા અને સહભાગી બનવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી જગદીશભાઈ રાવલ દ્વારા ખાસ જણાવાયું છે.

પેન્શનર સમાજે એસ.ટી.માં ૫૦ ટકા રાહત આપવા કરેલી માંગણી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળ દ્વારા ગુજરાત સરકારમાં એસ.ટી. બસનાં ભાડામાં પેન્શનર્સ સભ્યોને રાહત આપવા અંગે માંગણી કરવામાં આવી છે.

મોંઘવારીનો પાંચમો હપ્તો પેન્શનર્સને રોકડમાં આપવા અંગેની સરકારે જાહેરાત કરી તે બાબતને ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળે આવકારી છે અને મુખ્યમંત્રી તથા નાણાંમંત્રીને અભિનંદન પાઠવ્યા છે. આ સાથે રોજીંદા મુસાફરી કરતા પેન્શનરને અસ.ટી.માં ઘણા પૈસા ટિકિટ સ્વરૂપે ચૂકવવા પડે છે. પેન્શન ઓછુ અને ખર્ચા વધુ થાય છે. આ સંજોગોમાં રાજ્ય સરકાર એસ.ટી. તંત્રમાં ભાડા બાબતે પેન્શનર્સને રાહત આપે તથા તેમની આ માંગણીનો સત્વરે અમલ કરે તેવું સૌ ઈચ્છી રહ્યા છે. ગુજરાત સિવાયના અન્ય રાજ્યોમાં સિનિયર સિટીઝન્સને એસ.ટી. બસમાં તથા રેલવેમાં રાહત અપાય છે. આજે રેલવેમાં પુરૂષોને ૪૦ ટકા અને સ્ત્રીઓને ૫૦ ટકા રાહત મળે છે ત્યારે ગુજરાત સરકાર પણ એસ.ટી.માં ૫૦ ટકા રાહત આપે તેવી માંગણી પેન્શનર મંડળો દ્વારા કરવામાં આવી છે.

ગજાનન સેવા સમિતિ દ્વારા ૭૫૦ રોપાઓનું વાવેતર

ગાંધીનગર, તા. ૨૩

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાના નવી ભેટાલી, ગઠીયા, જસવંતપુર પ્રાથમિક શાળામાં તાજેતરમાં ૭૫૦ જેટલા રોપાઓનું વાવેતર કરી રોપ ઉછેરની જવાબદારી આપવામાં આવી હતી.

જી.ઈ.બી. સેવા વસ્તીના ચેતનભાઈ, અરવિંદભાઈ, લાલજીભાઈ, લક્ષ્મણભાઈ, ઈશ્વરભાઈ અને દશરથભાઈ સાથે ગાંધીનગરથી ૭૫૦ રોપા લઈ ભીલોડા તાલુકાના ત્રણ ગામોની પ્રાથમિક શાળાઓમાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. બાળકો સાથે શિક્ષકો અને સમિતિના સભ્યોએ વડ, પીપળો, આસોપાલવ, ગુલમહોર, લીમડો, શેતૂર જેવા છોડવાઓ લગાવ્યા હતા અને શાળાના આચાર્યઓએ રોપ ઉછેરની જવાબદારી સ્વીકારી હતી. આ સાથે શામળપુર અને ખીલોડાની આંગણવાડીના કાર્યકર બહેનોની બેઠકમાં ૪૦ બહેનોને આંગણવાડીના બાળકો માટે વ્યક્તિગત ૧૦ એમ કુલ ૪૦૦ કપડા આપ્યા હતા. આ કાર્યક્રમમાં દિનેશભાઈ, ગોપાલભાઈ, ગામેતી ભાઈ અને મિલિન્દભાઈ સાથે રહ્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૧૫

તાપમાન

મહત્તમ : ૩૬.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વર્લ્ડ વર્ઝ ડી(હિન્દી) : ૯.૪૫, ૫.૩૦, ૧૦.૩૦
મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી): ૨.૪૫
શોર્ટ કટ રોમિયો : ૧૨.૦૦, ૭.૪૫

: સ્ક્રીન-૨ :
રાંઝણા : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાંજહના : ૯.૦૦
ફુકરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ફુકરી : ૧૦.૩૦
યે જવાની હૈ દિવાની : ૧.૦૦, ૬.૩૦, ૯.૪૫
ફસ્ટ એન્ડ ફુરીયસ : ૪.૦૦

સૂર્યા, વાવોલ

ચિત્તા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
એનીમી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાંઝણા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ઈનેમી: ૧૦.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
શોર્ટ કટ રોમીઓ : ૧.૦૦

: સ્ક્રીન-૩ :
શોર્ટ કટ રોમીઓ : ૧૦.૪૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫
ઈનીમી : ૧.૩૦

ચિરાગ, કલોલ

રાંઝણા - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

● કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' નામક નાટક પ્રસ્તુત રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

વૃષભ : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

મિથુન : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

કર્ક : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

સિંહ : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પામિનો યોગ.

કન્યા : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધન સંચય કરવા માટે વ્યાપારિક યોજના બનશે.

તુલા : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

વૃશ્ચિક : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

ધન : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

મકર : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

કુંભ : દેખાવ અને આડંબરોથી સ્વયંને દૂર રાખો. કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

મીન : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મક અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

ચિરવિદાય

● સ્વ. નિરૂપમાબેન રાજેશભાઈ શર્મા (ઉ.વ. ૨૦) રોહિતવાસ, મુ.પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.